ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G





# ગાંધીનગર રેલવે સ્ટેશને સર્જાયા હૃદયદ્રાવક દશ્યો









## કેદારનાથના દર્શને જતાં મોતના પીંછામાંથી ચમત્કારીક બચાવ પામેલ જય અંબે પરિવારના ૨૬ યાત્રિકો હેમખેમ પરત ફરતા સ્ટેશન પર અશ્રુ ધારા વહી : મોટી સંખ્યામાં અગ્રણી નાગરિકો, જય અંબે પરિવારના સ્વજનો સ્ટેશન પર ઉમટયા

ગાંધીનગર, તા. ૨૨

સમગ્ર દેશને હચમચાવનાર ઉત્તરાખંડની દુર્ઘટનાના સાતમા દિવસે મોત સામે લડત આપી હેમખેમ ગાંધીનગર પરત પહોંચેલા જય અંબે પરિવારના ૨૬ યાત્રિકોને સ્ટેશન ઉપર આવકારવા ભારે ભીડ ઉમટી હતી. યાત્રિકોએ જ્યારે પોતાના અનુભવોનું વર્ણન રડતા રડતા કર્યું ત્યારે આવકારવા પહોંચેલા સૌ સ્વજનોની આંખમાં આસું ઉમટ્યા હતા. ગાંધીનગર રેલવે સ્ટેશને પ્રથમ વખત જ આટલી મોટી ભીડ જોવા મળી હતી. જય અંબે પરિવાર, કલ્ચરલ ફોરમ, નગરસેવકો, ભારતીય જનતા પાર્ટીના પદાધિકારીઓ અને કાર્યકરો ઉપરાંત સગા-સંબંધીઓ મોટી સંખ્યામાં ઉમટ્યા હતા. ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલ, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન શ્રી આશિષ દવે ઉપરાંત કલ્ચરલ ફોરમના હોદેદારો પણ ઉપસ્થિત રહ્યા હતા.

ચારધામ યાત્રા અર્થે ગત તા. ૮ જૂનના રોજ નીકળેલા જયઅંબે પરિવારના યાત્રાળુઓ આજે બપોરે સલામત ગાંધીનગર પહોંચી ગયા હતા. મોતને હાથતાળી આપી જયઅંબે પરીવારના યાત્રાળુઓ શહેરના રેલવે સ્ટેશન પર પહોંચતા હૃદયદ્રાવક દશ્યો સર્જાયા હતા. પોતાના સ્વજનોને સલામત ઘરે પાછા ફરતા જોઈ પરીવારજનો એકમેકને ભીની આંખે ભેટી પડ્યા હતા. ડૂસકા ભરતા રેલવે સ્ટેશન પર રૂવાડા ખડા કરી દે તેવા કરૂણ દશ્યોએ સૌ કોઈને હચમચાવી દીધા હતા. ગાંધીનગરથી ચારધામ યાત્રાએ નીકળેલા જયઅંબે પરિવારના ૨૭ સભ્યો પૈકી ૨૬ સલામત પરત થતા સ્ટેશન પર તેમના સગા સંબંધીઓની ભીડ જામી હતી. જ્યારે આ પૈકી જાન ગુમાવનાર ધીરૂભાઈના પત્ની અવનીબેનના હૈયાફાટ રૂદનની સાથે પરિવારજનોને ભેટી ભેટીને રડતા યાત્રાળુઓના લીધે વાતાવરણ શોકમગ્ન બની ગયું હતું. સલામત યાત્રાળુઓના ખબર-અંતર લેવા સ્થાનિક ધારાસભ્ય નગરસેવકો ઉપરાંત જય અંબે પરિવારના સભ્યો સ્ટેશન પર પહોંચી યાત્રાળુઓને સાત્વના આપી હતી. શહેર અને જિલ્લાઓની ૩૦૦ થી વધુ ભાવિકો ચારધામ યાત્રાએ ગયા હતા. આ પૈકી મોટાભાગના સલામતીપૂર્વક પરત ફર્યા હતા.







### મકાન જેવડા મોટા મોટા પથ્થરો રગડીને સામે આવતા હતા..!

કેદારનાથમાં ફસાઈ ગયા બાદ હેમખેમ મોતને માત આપીને ઘરે પરત ફરેલા ગાંધીનગરના જય અંબે પરિવાર સભ્યો તબાહીના દશ્યોને યાદ કરતા જ ધ્રુજી ઉઠયા હતાં. આભ ફાટયું ને પાણીનો સામટો પ્રવાહ આવવાનો શરુ થયો કે તરત જ 'બાઢ આ રહા હૈ... પરબત ગીર રહા હૈ..'ની બુમો શરુ થઈ ગઈ હતી. મકાન જેવડા મોટા મોટા પર્વતીય પથ્થરો પાણીના પ્રવાહની સાથો સાથ નજર સામે ઉપરથી આવી રહેલા દેખાતા હતાં. ગાંધીનગરના જય અંબે પરિવારના સભ્યો જે હોટલમાં રોકાયા હતા તેના ત્રીજા માળે ચઢી ગયા હતા.

### ઉજ્જવલ પટેલે હિંમતપૂર્વક ૨૫ વડીલોને સફળતાપૂર્વક નદી પાર કરાવી



**જય અંબે પરિવારના તરવરીયા યુવાન ઉજ્જવલ પટેલે પોતાની સાથેના ૨૫-૨૫ વડીલોને માર્ગમાં ધસમસતા ઝરણામાંથી હિંમતપૂર્વક હાથ પકડીને એક બાદ એક સૌને સફળતાપૂર્વક નદી પાર કરાવી હતી. ૨૫ યાત્રિકો ઉજ્જવલ પટેલની હિંમતને મુક્ત મને બિરદાવતા હતા.**

### મંદિરમાં મૃતદેહોનો ઢેર જોઈને ચકકર આવવા લાગ્યા

મંદિરમાં બધું જ ખેદાન મેદાન થઈ ગયું હતું અમે અમારી નજરે મંદિરજાં લાશોના ઢેર જોયા અને નંદી ઉપર તો ઉપરા ઉપરી ત્રણ ત્રણ યાત્રિકોની લાશો પડેલી હતી. આવા તબાહીના દશ્યો જોઈને મંદિરમાં જ ચકકરો આવવાનાં શરુ થઈ ગયા હતાં. ભગવાનની કૃપા કે અમે પાછા જીવતા આવ્યા! રાત્રે ઠંડા પવનના સુસવાટા મારે પણ કોઈ સહાય નહીં! હાથમાં પકડેલી બેટરી પણ બીજા હાથે લઈ શકાય નહી તેવા હાથ થીજી જતા હતાં. વરસાદના પાણી પી પીને તરસ છીપાવવી પડતી હતી.

**- પારૂલબેન વી. પટેલ**

### ● ચીસાચીસ વચ્ચે પાણીમાં મૃતદેહો તરતા થયા !

ઉત્તરાખંડમાં આભ ફાટતા ચારેબાજુ ચીસા-ચીસ વચ્ચે ધસમસતા પાણીમાં માનવ જીંદગી હોમાઈ રહી હતી. કોણ-કોને બચાવે તેવી લાચાર અને દયનીય સ્થિતિ વચ્ચે બે ઘડી પહેલા સદેહ ફરતા યાત્રાળુઓ લાશ બનીને આંખ સામે તરવા લાગ્યા. મંદિરમાં પણ મૃતદેહનો ઢગ ખડકાયેલો હતો. આર્મીના માણસોએ મદદ કરી લાશો પર પગ રાખીને જીવ બચાવવા ડગ માંડવા પડ્યા તેનાથી બીજી મોટી કરૂણતા કેવી હોય !!

**- ગીતાબેન પી. પટેલ, સે. ૨, ગાંધીનગર**

### ● પાણીના પ્રવાહ સાથે મોટીમસ ભેખડો ધસી પડી

મોટા ડુંગર પરથી ધસમસતા પાણીના ધોધ સાથે તોતિંગ પત્થરો નીચે ખડકાતા યાત્રાળુઓ ફફડી ગયા હતા. મેં મારી આંખ સામે પાણીના પ્રવાહ વચ્ચે મોટી ભેખડો ધસી પડતા જોઈ હું ખુબ જ ડરી ગઈ હવે જીવીશુ કે મરીશું નજર સામે મોતના તાંડવ સૌને હચમચાવી દીધા હતા જ હિંમત હારી ગયા હતા. ખાવા-પીવાનું પણ મળતુ ન હતુ. બધાના જીવ રામભરોસે હતા !!

**- મનોરમા પંજાસરા, સે. ૨**

### ● જલારામ ગેસ્ટ હાઉસના ધાબે ચઢ્યા અને બચી ગયા

જલારામ ગેસ્ટહાઉસમાં પાણી આવતા અમે ઉપરના માળે દોડી ગયા. લોકોની ચીસાચીસ અને ગભરાટ વચ્ચે ગેસ્ટહાઉસનું ધાબુ તુટવાનો પણ ડર હતો. પણ હોટલ બચી ગઈ અને અમે પણ બચી ગયા. નજર સામે માણસોની સાથે-ઢોર તણાઈ ગયા. હોટલને અડીને જ દરીયો ઘુઘવાટા મારતો હોય તેનાથી પણ ઝડપથી પાણીનો પ્રવાહ યમરાજા બનીને ફરી વળ્યો હતો. વરસાદ સતત ચાલુ હતો. ખાવાનું અહીં હતું નહી. એક-એક ચમચી ખાંડ ખાઈ દિવસો કાઢ્યા.

**- કૈલાસબેન દશરથભાઈ પટેલ, ગાંધીનગર**

### ● મીરી નજર સામે બાઈક સવાર યુવાન મોતને ભેટ્યો

આંખ સામે જ બે મોટેલ પાણીમાં ગરકાવ થઈ ગઈ કોઈ ખબર જ ન પડી અને મૌસમનો મિજાજ અટવાઈ ગયો મારી નજર સામે બાઈક લઈને જતા યુવાન પર મોટો પત્થર પડ્યો અને ત્યાં જ મરી ગયો. બધા અચંબામાં મુકાઈ ગયા.

**- હીરાબેન એચ. પટેલ, યુ.એમ.એ.**

### ● પાણી-પત્થરોની સાથે ટપોટપ લાશો નીચે પટકાતી હતી

પાણીના ધોધ સાથે ભેખડો નીચે પટકાતી હતી. જેની સાથે માણસોની લાશો પણ ટપોટપ નીચે પડતી હતી. લાખો ટનના મોટામસ પત્થરો બોંબની જેમ ફંગોળાઈને નીચે પટકાતા હતા. મારી સાથે આવેલા બહેન આ બધુ જોઈને આઘાતમાં સરી પડતા તબાહી જોઈને એટેક આવતા તેમનું કરૂણ મોત નિપજ્યું.

**- અરૂણાબેન તરૂણભાઈ પટેલ, રાજકોટ**

### ● માણસોની સાથે હજારો પશુ મારી આંખ સામે તણાયા

કેદારનાથના પહેલાના અને અત્યારના ફોટો જોઈએ તો તબાહીના વરવા દશ્યોનો ખ્યાલ આવી જાય. ૧૫મી તારીખે જે હતુ તે ૧૬મીના રોજ કાંઈ જોવા ન મળ્યું. ગૌરીકુંડમાં માણસોની સાથે ઘોડાઓ અને અન્ય પશુઓ પણ પલવારમાં જ તણાઈ ગયા.

**- મિતેશ પટેલ, અમદાવાદ**

### ● આખુ પાર્કીંગ સાફ થઈ ગયું ૮૦ માણસો તણાઈ ગયા !

મારે ગૌરીકુંડમાં જવાનું હતું, પરંતુ મારી તબિયત લથડી. સાથી યાત્રાળુઓ ઉપર પહોંચ્યા હતા પરંતુ અચાનક આવેલી કુદરતી આફતે આંચકો આપ્યો. આંખના પલકારામાં જ ૨૦૦ જેટલી ગાડીઓ પાર્ક થઈ હતી તે આખુ પાર્કિંગ સાફ થઈ ગયુ. ૮૦ માણસો પાણીમાં તણાઈ ગયા.

**- ચંદ્રીકાબેન બળદેવભાઈ પટેલ, ગાંધીનગર**

### ● તબાહીથી ધ્રુજી ગયા લાશોના ઢેર પરથી ચાલવુ પડ્યું !

કેદારનાથમાં આભ ફાટતા આકાશમાંથી ધોધરૂપી વરસાદથી સૌ કોઈ હતપ્રત થઈ ગયા હતા. જોતજોતામાં તો નજર સામે જ ઘર અને મકાન તણાઈ ગયા. મંદિરના પાછળનો પર્વત ફાટ્યો. આંખ સામે ધસમસતા પાણીના પ્રવાહમાં અનેક જીવ તણાઈ ગયા. તબાહીના દશ્યોથી સૌ કોઈ ધ્રુજી ગયા હતા. ખાવા-પીવાનું પણ કાંઈ ન હતુ. વરસાદનું પાણી પી ને ઉંચા જીવે દિવસો કાઢ્યા. આખરે હિંમત હારી ગયા હતા. બે હેલીકોપ્ટર આવ્યા અને ડુંગર પરથી છુટાછવાયા માણસોને લઈ ગયા. આ માટે પણ લાશોનો ઢેર પરથી ચાલીને જવુ પડ્યું...!

**- યાત્રાળુ - મૈત્રી પટેલ, ગાંધીનગર**

### ● ખાંડ ખાઈને એક દિવસ પસાર કરવો પડયો

જે હોટલમાં રોકાયા હતાં તે હોટલનો માલિક રસોડાને તાળા મારીને ભાગી ગયો હતો. ખાવા પીવાનું કંઈ જ સાથે ન હતું. બે દિવસથી ભુખ્યું પેટ ભરવા છેવટે અમારે હોટલનાં રસોડાનું લોક તોડવું પડયું હતું. રસોડામાં જઈને જોયું તો અંદર ખાવાની કોઈ જ ચીજવસ્તુ પડી ન હતી. ખુલ્લામાં એક ખાંડનો ડબ્બો દેખાયો અમે બધાએ આખો દીવસ તે ખાંડના ડબ્બામાંથી ખાંડ ખાઈ ખાઈને પસાર કર્યો હતો.

**- વિષ્ણુભાઈ જે. પટેલ**

### ● ૮ વર્ષના દિકરાને લઈને ત્રણ દિવસ ઝાડ પર રહ્યાં

કલોલના યાત્રીક મહેન્દ્રભાઈ પટેલ તેમના ૮ વર્ષના દિકરાને લઈને ગયા હતા અને કેદારનાથમાં જળપ્રલયમાં ફસાઈ જતાં જીવ બચાવવા માટે તેઓ ૩ દિવસ મોત સામે ઝઝુમ્યા હતા અને મોતના મોંમાંથી માંડ માંડ બહાર આવ્યા હતા. ઝાડ ઉપર ૮ વર્ષના દિકરાને લઈને મહેન્દ્રભાઈએ સતત ત્રણ દિવસ સુધી ભુખ્યા તરસ્યા બેસી રહેવું પડયું હતું.

**- મહેન્દ્રભાઈ પટેલ, કલોલ**







Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com